અપીલ અરજી નં.૩૭૬ તા.૮–૧૧ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ –શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા. ૫–૧૦–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) ઘોડારોડ રોડ પર આવેલ ' તનીસ્ક' જવેલરી શો–રૂમના મંજુર પ્લાનની નકલ આપશો વિ.મુદ્દા નં.(૧)થી (૪)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૮–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૭૬/૨૦૧૧–૧૨

શ્રી રમેશ કે. જાંગીડની તા. ૫–૧૦–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) ઘોડારોડ રોડ પર આવેલ ' તનીસ્ક' જવેલરી શો–રૂમના મંજુર પ્લાનની નકલ આપશો વિ.મુદ્દા નં.(૧)થી (૪)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૮–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતી બાબતે નકલ સહ વિગતો મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ / ૧૦૮૨ તા.૧૬–૧૧–૧૧ થી** કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) તથા પત્ર નં.આરટીઆઈ સેલ/**૧૧૬૮** તા.૧–૧૨–૧૧ થી મધ્યસ્થ શહેર વિકાસને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/ આ.નં.૯૭૩ તા.૨૫–૧૧–૧૧ થી પુરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/ જાવક/૧૨૨૫ તા.૭–૧૦–૧૧ થી ટાઉન પ્લાનર મધયસ્થ શહેર વિકાસ વિભાગ તેમજ કાર્યપાલક ઈજનેર અઠવાઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, ફી ભર્યાની વિગત, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૮૯૩ તા.૪–૧૧–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૫–૧૦–૧૧ ની અરજીથી ઘોડદોડ રોડ ઉપર આવેલ તનીસ્ક જવેલરી શો રૂમના મંજુર પ્લાન અંગેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને સંબોધતી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૨૨૫ તા.૭–૧૦–૧૧ થી નિયત સમય અવધિમાં ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ તેમજ કાર્યપાલક ઈજનેર અઠવાઝોનને તબદીલ કરવામાં આવેલ.જેમાં મુદ્દા નં.(૧) ઘોડારોડ રોડ પર આવેલ ' તનીસ્ક' જવેલરી શો–રૂમના મંજુર પ્લાનની નકલ આપશો. મુદ્દા નં.(૨) આ શો રૂમનું બાંધકામ મંજુર પ્લાન મુજબ છે કે કેમ તેની માહિતી આપશો. મુદ્દા નં.(૩) અગર આ બાંધકામ મંજુર પ્લાન મુજબનું ના હોય તો તેની સામે આપના વિભાગે અત્યાર સુધીમાં કઈ કઈ કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતો આપશો. મુદ્દા નં.૪ આ બાંધકામ મંજુર પ્લાન મુજબ પૂર્ણ કરવામાં આવ્યું તે અંગેનું પ્રમાણપત્ર આર્કી. ધ્વારા આપના વિભાગમાં રજૂ કરાયું હોય તો તે નકલો આપશો. જે અંગે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પ્રતિભાવ મળ્યો નથી તેવું જણાવી તા.૮–૧૧–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૮૯૩ તા.૪–૧૧–૧૧ થી અરજદારને નિયત સમય અવધિના બીજા દિવસે રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ હેઠળથી માંગવામાં આવેલી માહિતી અન્વયે અરજીમાં જણાવેલ શહેર વિકાસ વિભાગના ઉપલબ્ધ રેકર્ડ મુજબના માહિતીના એ/૪ સાઈઝ પાનાની નકલ ( પાના નંગ–૨) ના નકલ દીઠ રૂા.૪/– તથા મંજુર પ્લાનની નકલ (પ્લાન નંગ–૩) ના રૂા. ૧૫૯૯/– મળી કુલ રૂા.૧૬૦૩/– (અંકોમાં કુલ સોળસો ત્રણ રૂપિયા પુરા) અઠવાઝોન કચેરીના ઓફિસ સમય દરમ્યાન ભરપાઈ કર્યેથી તમો માહિતીની નકલ મેળવી શકો છો. તેવું જણાવેલ છે. આમ જાહેર માહિતી અધિકારી તરફથી સમય અવધિ બાદ અરજદારને માંગવામાં આવેલી માહિતી ફી ભરી પૂરી પાડવા પ્રસ્તાવ કરવામાં આવેલ છે. વધુમાં જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માહિતી પૂરી પાડવાના પ્રસ્તાવ અંગેની પત્રની એકનોલેજમેન્ટ સ્લીપ પણ રજૂ કરેલ છે. તેમજ પૂરક વિગતોમાં પણ અરજદારને માહિતી મળી ગયેલ હોવા છતાં આજ દિન સુધી અરજદાર દસ્તાવેજ ફી ભરપાઈ કરેલ નથી તેવું પણ જણાવેલ છે.

અરજદારે મુળ અરજીથી માંગેલ માહિતીના ચારેય મુદ્દા ધ્યાને લેતાં અરજદારે માંગેલ માહિતીના ચારેયમાંથી એકેય મુદ્દાની માહિતી જાહેર માહિતી અધિકારીએ સમય અવધિમાં આપ્યાનું જણાતું નથી કે ઈન્કાર માટે કોઈ અપવાદ જણાવેલ નથી. જયારે ફી ભરવાનો પ્રસ્તાવ નિયત સમય અવધિ બાદનો છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૫–૧૦–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોઈ અરજદારે મુળ અરજીથી માંગેલ માહિતી મુદ્દાવાઈઝ દફતરી વિગતે આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને જણાવવામાં આવે છે.

(એસ.એન. મહેતા)
ડે.કમિશ્નર (ફા.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૧

પ્રતિ,
(૧)કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) ....જાણ તથા અમલ માટે....
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,